## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો ભાઈ અમે અપક્ષ છીએ... પહેલા ચ્હા વેંચે છે, પેલા દેશ વેંચે છે... તમે અમારા ઉમેદવારને ચૂંટજો અમે ખાલી તેને જ વેંચીશું...!!!

# સવા બે કરોડના દારૂના ગોડાઉનના કેસમાં બુટલેગરો સ્માર્ટ નીકળ્યા

### ગોડાઉન પાસેથી પકડાયેલી ગાડીઓ ભાડા કરાર કરીને લેવાયેલી હોવાનું ખુલ્યુ : ભાડા કરાર કરાવ્યો બીજાએ અને પુરાવાઓ આપ્યા કોઈ બીજાના..!

ગાંધીનગર, તા. ૨૯

અડાલજ પોલીસે થોડા દિવસ અગાઉ ખોરજ કન્ટેનર ડેપો નજીક એક ગોડાઉનમાં દરોડો પાડી છ ગાડીઓ એક ટ્રક અને એક્ટીવા ઉપરાંત સવા બે કરોડનો મસમોટો દારૂ-બિયરનો જથ્થો પકડ્યો હતો. આ કેસમાં બુટલેગરો સ્માર્ટ નીકળ્યા હોવાનું બહાર આવ્યુ છે. કેમ કે સ્થળ પરથી તો પોલીસના હાથે કોઈ ઝડપાયું ન હતુ અને જે વાહનો પકડાયા તેના નંબર બુટલેગરો સુધી પહોંચવાની મહત્વની કડી હતી તે નંબરથી પણ પોલીસ ત્યાં સુધી પહોંચી શકે તેમ નથી.

ગોડાઉન પાસેથી પકડાયેલા વાહનોના નંબર પ્લેટ આધારે અડાલજ પોલીસે બુટલેગરો સુધી પહોંચવા તપાસ શરૂ કરી તો ખબર પડી કે આ ગાડીઓ તો કોઈને કોઈ ઓટો કન્સલ્ટન્સીમાંથી લેવાયેલી હતી અને તે પણ ભાડા કરાર કરીને..! ભાડા કરાર કરનાર અને કરાવનાર સુધી પહોંચવા પોલીસે પ્રયત્ન કર્યા તો ખબર પડી કે ભાડા કરાર કરવા અને રૂપિયા આપવા આવેલા વ્યક્તિ કોઈ જુદી હતી અને જેના નામે કરાર થયા હતા તે વ્યક્તિ પણ અલગ હોવાનું તપાસમાં બહાર આવ્યુ છે. બુટલેગરો સ્માર્ટ નીકળ્યા પરંતુ પોલીસને તેમના સુધી પહોંચવા બીજી કડી મળી હોવાનું જાણવા મળ્યુ છે. ગણતરીના કલાકોમાં બુટલેગરો સુધી પોલીસ પહોંચી જશે તેવુ સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

# છેલ્લા એક વર્ષમાં ૧૮૫ કેસ એઈડ્સના શોધી કાઢવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં એઈડ્ઝના ૧૮૫ કેસ નવા શોધી કાઢવામાં આવ્યા છે. આ સાથે એચ.આઈ.વી. પોઝીટીવ ધરાવતા દર્દીઓની સંખ્યા જિલ્લામાં વધીને ૧૯૮૭ પર પહોંચી છે.

૧લી ડિસેમ્બરે વિશ્વ એઈડ્સ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવે છે ત્યારે આ વિગતો ખૂબજ ચોંકાવનારી લેખી શકાય.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આખા વર્ષ દરમ્યાન જિલ્લામાં ૨૨ હજાર જેટલી સગર્ભા માતાઓની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી ૧૪ સગર્ભા માતાઓને એઈડ્ઝ પોઝીટીવ હોવાનું જણાઈ આવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૭ હજાર જેટલા હાઈરિસ્ક પર્સનની પણ વર્ષ દરમ્યાન તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૧૭૧ દર્દી મળી આવ્યા હતા.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯૮૭ વ્યક્તીઓ એચ.આઈ.વી. ગ્રસ્ત મળી આવ્યા છે. જિલ્લામાં આ અંગે ખાસ ઓ.પી.ડી. પણ ચલાવવામાં આવે છે તેમજ આવા દર્દીઓની નિયમિત તપાસ કરી અને તેમને દવા પણ પુરી પાડવામાં આવી રહી છે.

# આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ચૂંટણીલક્ષી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતની વિવિધ બેઠકો ઉપર ઉભા રાખવામાં ઉમેદવારોની ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે વિશ્વકર્મા હોલમાં આજે બપોરે મહત્વપુર્ણ બેઠક યોજાઈ હતી. ચૂંટણીલક્ષી યોજાયેલી આ બેઠકમાં કેબીનેટ મીનીસ્ટર ગોપાલરાય હાજર રહ્યા હતા. તમામ ઉમેદવારોને ચૂંટણીલક્ષી મટીરીયલ આપવામાં આવ્યુ અને પ્રચાર-પ્રસાર કરવાની તથા પ્રજા સુધી પહોંચવા અને પ્રજા વચ્ચે રહેવાની ચર્ચા કરવામાં આવી હતી. તો બીજી તરફ ભાજપને પાડી દેવા અને સુપડા સાફ કરવાનો એક્શન પ્લાન ઘડવામાં આવ્યો હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# ગાંધીનગર ઉત્તરની બેઠકને અનુલક્ષી ભાજપે સેકટરોમાં પ્રચાર અભિયાન શરૂ કર્યુ

### સે-૨૬ ગ્રીનસીટીમાં મતદારોનો ડોર ટુ ડોર સંપર્ક કર્યો : પ્રારંભિક તબક્કે રોજ એક સેકટરમાં ડોર ટુ ડોર પ્રચાર કરાશે

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ઉમેદવારોના નામ આખરી થયા બાદ રાજકીય પક્ષો દ્વારા ચુંટણી



કાર્યાલયો પણ શરૂ કરી દેવાયા છે. જ્ઞાતિવાદ અને આંદોલન સાથે વિકાસના મુદ્દો ચુંટણી જંગમાં ચર્ચાના ચગડોળે છે. ત્યારે મતદારોના મન કળવા મુશ્કેલ છે. પરંતુ મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે ઉમેદવારો આજથી પ્રચારમાં લાગી ગયા છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપના ઉમેદવારને જીત હાંસલ કરાવવા માટે આજે સે-૨૬ ગ્રીનસીટીમાંથી પ્રચાર ઝુંબેશની શરૂઆત કરવામાં આવી હતી.ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહના વિસ્તારમાંથી ભાજપ મહાનગરના નેતાઓ સહીત કાર્યકરોએ ડોર ટુ ડોર પ્રચારનો પ્રારંભ કર્યો હતો.

વિધાનસભાની ચુંટણી આડે હવે માત્ર ગણતરીના દિવસો જ આડા રહયા છે. જયારે ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રીયા પણ પુર્ણ થઈ ગઈ છે. જયારે ૩૦ નવેમ્બરે ઉમેદવારોની આખરી યાદી પણ પ્રસિધ્ધ થઈ જશે. જ્ઞાતિવાદ અને પટેલ આંદોલન સહીતના મુદ્દે ચુંટણીનુ રાજકારણ વધુ ગરમાયુ છે. આવા સંજોગોમાં ભાજપે વિકાસના મુદ્દે જ ચુંટણી લડવાની નિતી અપનાવી છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર પણ રસપ્રદ ચુંટણી જંગ જામશે. ઉમેદવારોની પ્રતિષ્ઠા હોડમાં લાગી હોય તેવા દ્રશ્યો છે. ત્યારે મતદારો પણ સમજણપુર્વક મતદાન કરવાના મુડમાં છે. આવા સંજોગોમાં શહેરી વિસ્તારના



મતદારોને પોતાની તરફ કરવા માટે ભાજપે ચુંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. આજે સે-૨૬ સ્થિત ગ્રીનસીટી વિસ્તારમાં ગાંધીનગર કોર્પોરેશનના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના વિસ્તારમાંથી ભાજપે બપોરે ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ શરૂ કરી હતી. આ ઝુંબેશમાં મહાનગરના આગેવાનો, ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલ મહાનગર ભાજપના ઉપપ્રમુખ ઉરેન પટેલ તેમજ પેજ પ્રમુખો સહીત કાર્યકરો જોડાયા હતા. સેકટરમાં ઘરે ઘરે મતદારોનો સંપર્ક કરી બહુમત આપવા માટે પ્રચાર કરાયો હતો. ગાંધીનગર ઉત્તરની બેઠકને અનુલક્ષી ભાજપના આગેવાનો રોજ એક સેકટરમાં પ્રચાર ઝુંબેશ હાથ ધરશે. આ દરમિયાન મતદારોને ઉમેદવારની માહીતી દર્શાવતી પત્રિકાઓનુ પણ વિતરણ કરાયુ હતુ.

# ચાંદખેડામાં યુવતિ પર એસિડ હુમલામાં મહીલા આરોપીને ૧૦ વર્ષની કેદની સજા

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર જિલ્લાના ચાંદખેડા વિસ્તારમાં યુવતિ પર એસિડ એટેક કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે મહીલા આરોપીને દસ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને ૫ હજારનો દંડ ભોગવવા પણ હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૫ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૪ ના રોજ ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા ખાતે રહેતી સોનુ પ્રકાશભાઈ દરજી ટયુશનમાંથી તેના ઘરે પરત થઈ રહી હતી. આ દરમિયાન આરોપી મંગુબેન ઉર્ફે મજુલાબેન અજમલસગ ડાભીએ યુવતિ સાથે ઝઘડો કરી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તેણીના મોઢા પર એસિડ નાંખી હુમલો કર્યો હતો. જેના લીધે તેણીને બન્ને આંખોમાં ઈજાઓ થઈ હતી. આ મામલે ચાંદખેડા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ ડિસ્ટ્રીકટ કાર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. સરકારી વકીલે દલીલમાં જણાંવ્યુ હતુ કે માત્ર ૧૮ વર્ષની દિકરીને એસિડ એટેકથી આંખોમાં ગંભીર ઈજા પહોંચાડી છે. ગંભીર પ્રકારનો ગુન્હો કર્યો છે.આરોપી પર દયા ન દાખવી સમાજમાં દાખલો બેસાડવા કાયદામાં દર્શાવેલી પુરેપુરી સજા કરવી જોઈએ. જે દલીલોના અંતે પુરાવાઓને ધ્યાને લઈ જજ સારંગા વી વ્યાસે આરોપી મંગુબેનને ૧૦ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપીને રૂ ૫ હજારનાં દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. ગાંધીનગર જિલ્લામાં એસિડ એટેકના ગુન્હામાં સૌ પ્રથમ સજા થઈ છે.

# પરાગ દેસાઈને ગ્લોબલ ગુજરાતી ફેડરેશન દ્વારા એનઆરઆઈ સેતુરત્ન પુરસ્કારથી સન્માનિત

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ગ્લોબલ ગુજરાતી ફેડરેશન દ્વારા યોજાયેલ સમારોહમાં પરાગ દેસાઈને એન.આર.આઈ. સેતુરત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

વાઘબકરી ટી ગ્રુપની બ્રાન્ડની પ્રસિદ્ધિને નિરંતર વધારતા રહેવાની જવાબદારી અંગે એમણે કહ્યું કે 'હું સતત પ્રયાસ કરતો રહુ છું. વડિલોના આશિર્વાદ તથા વાઘબકરી ટી ગ્રુપમાં કાર્ય કરતાં પ્રોફેશનલ્સ દ્વારા મલેલ પ્રોત્સાહનથી વિશ્વભરમાં વાઘબકરી ટી ગ્રુપની બ્રાન્ડની જાગરૂકતા વધારવામાં અમે સફળ રહ્યાં છીએ. વૈશ્વિક બજારમાં તેમની મનપસંદ બ્રાન્ડ વાઘબકરી ટીની નામના વધારવામાં એન.આર.આઈ. સમાજનો ફાળો અગત્યનો છે. હું આ પુરસ્કાર એ લાખો ગુજરાતીઓને અર્પણ કરૂ છું, જેઓ ખરા અર્થમાં વાઘબકરી ચાના બ્રાન્ડ એમ્બેસેડર્સ છે.'

વાઘબકરી ટી ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવેલ રીસર્ચ પર પ્રકાશ પાડતા દેસાઈએ કહ્યું કે 'નોંધનીય છે કે વાઘબકરી ચા હવે ફેસબુક કેમ્પસ તથા સિંગાપોર એરલાઈન્સ પર પણ ઉપલબ્ધ છે. એનએબીએલ દ્વારા પ્રમાણિત અમારી અત્યાધુનિક લેબોરેટરીમાં સતત થતા પ્રયોગોથી કંઈક નવું આપવાના પ્રયત્નો કરતા રહીએ છીએ અને જલ્દી જ અમે ઔષધિય ગુણો ધરાવતી પ્રોડક્ટ લાવવાના છીએ.'



બેચરાજી વિધાનસભાના ઉમેદવારને બદલવા માટે બેચરાજી વિધાનસભાના સ્થાનિક લોકોએ પાલડી ગુજરાત કોંગ્રેસ ઓફિસ ઉપર દેખાવો કર્યા હતા.

# ખોરજમાંથી પકડાયેલ દારૂ ૩૧મી ડિસેમ્બરની પાર્ટી માટે રખાયો હતો

### રાજ્યમાં સૌથી વધુ દારૂ પકડાયો છે તેવા પાંચ જિલ્લામાં ગાંધીનગર ત્રીજા ક્રમે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામેથી પકડાયેલો દારૂનો જંગી જથ્થો ૩૧મી ડિસેમ્બરે યોજાતી પાર્ટી માટે આવ્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જણાઈ રહ્યું છે.

આજે સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સને અંતે થયેલી અવિધિસરની વાતચીતમાં પોલીસ સત્તાવાળાઓએ આ વાત કહી હતી.

રાજ્યમાં દારૂ પકડાયો છે તેમાં સરહદી જિલ્લાઓ ઉપરાંત ગાંધીનગરનો પણ સૌથી વધુ કિંમતનો દારૂ પકડાયો છે તેવા પ્રથમ પાંચ જિલ્લાઓમાં ત્રીજા ક્રમે આવે છે.

રાજ્યમાં પકડાયેલ દારૂમાં કોઈ રાજકીય પક્ષ સાથે સંડોવણી હોવાનું ખુલ્યુ નથી. પોલીસ અને તંત્રની ટીમો દ્વારા રાજ્યમાંથી રૂ. ૪૪.૪૮ કરોડની રકમનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આગામી ૧૪મી ડિસેમ્બરે જિલ્લાની પાંચ બેઠકો માટે વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ મતદાન યોજાવાનુ છે ત્યારે જિલ્લાનું તંત્ર પણ સતર્ક અને ચોકન્નુ થઈ તેની કામગીરી કરી રહ્યુ છે.

આ પત્રકાર પરિષદમાં આપવામાં આવેલ વિગતો પ્રમાણે નશાબંધીના ૨૬,૯૪૨ કેસોમાં કાર્યવાહી કરીનો ૨૧,૮૨૯ વ્યક્તીઓની ધરપકડ કરવામાં આવી છે. જયારે ક્રિમીનલ પ્રોસીઝર કોડની વિવિધ કલમો અન્વયે કુલ ૧,૩૯,૦૯૪ વ્યક્તીઓ સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. રાજયમાં ચૂંટણી સંબંધી તકેદારીના પગલાંના રૂપે પોલીસતંત્ર દ્વારા ૪૯,૬૫૭ બિન જામીનપાત્ર વોરંટની બજવણી કરવામાં આવી છે.

# ભાજપનો ઘમંડ ઉતારવા આ વખતે ગુજરાતની જનતા એક

### સચિન પાયલોટના ભાજપ પર તેજાબી પ્રહારો

અમદાવાદ, તા.૨૯

કોંગ્રેસના રાષ્ટ્રીય યુવા નેતા, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ સચિન પાયલોટ આજે ગુજરાતમાં અમદાવાદની મુલાકાતે આવ્યા હતા



એ દરમ્યાન તેમણે ગુજરાતની ભાજપ સરકાર અને કેન્દ્રની મોદી સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. સચિન પાયલોટે જણાવ્યું હતું. ભાજપના નેતાઓ અને મંત્રીઓના નિવેદનો જોતાં સ્પષ્ટ થઈ જાય છે કે, ભાજપની છાવણીમાં જોરદાર ગભરાહટ અને હતાશાનો માહોલ છવાઈ ગયો છે અને એ હોય એ સ્વાભાવિક છે કારણ કે, છેલ્લા ૨૨ વર્ષના શાસનમાં ભાજપે જે કર્યું છે તેના બચાવમાં જનતા દ્વારા પૂછાઈ રહેલા પ્રશ્નોનો તેમની પાસે કોઈ જવાબ નથી. ભાજપે ૨૨ વર્ષના શાસનમાં જે કંઈ કર્યું છે તે મુદ્દે ખરેખર શ્વેતપત્ર જારી કરે તેવી માંગણી પણ કોંગ્રેસના આ યુવા નેતાએ કરી હતી. તેમણે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ વખતે ભાજપનો ઘમંડ અને અહંકાર ઉતારવા માટે ગુજરાતની જનતા એક થઈ છે. કોંગ્રેસ કયારેય તેના સિધ્ધાંતો અને આદર્શો સાથે સમાધાન કર્યું નથી, જે ભાજપ કરી રહી છે. આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી સાથેની સરકાર બનશે. તા.૧૮મી ડિસેમ્બરના પરિણામો ઘણા ચોંકાવનારા રહેશે અને ધાર્યા કરતાં વધુ ટકા મતદાન કોંગ્રેસની તરફેણમાં રહેશે. આ વખતે તાનાશાહી નહી હોય પરંતુ જનતાની પોતાની સરકાર હશે.

## સીધો સંવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધતી વસતીને ધ્યાને લઈ ગટર અને પાણીની સુવિધા અપગ્રેડ કરવી પડશે. આગામી ૩૦ વર્ષને ધ્યાને લઈ પાણી ગટરની માળખાગત સુવિધા માટે પ્રથમ વિચારણા કરવી પડશે.

**જ્ઞાતિવાદ અને આંદોલનની અસર ચુંટણી પરિણામમાં દેખાશે ?**

ના પ્રજા વિકાસને મત આપશે. આંદોલનની માંગણી બધા સમાજની છે. પાટીદાર સમાજ સમજુ છે. આ લડતમાં શુ મળે અને ના મળે જયારે ગાંધીનગરમાં મારા મત વિસ્તારનો મતદાર વર્ગ શિક્ષિત હોવાથી સમજણપુર્વક મતદાન કરે છે.

**ગત ચુંટણીમાં અશોક પટેલને માત્ર ૪ હજાર મતે વિજય મળ્યો હતો આ વખતે શુ થશે ?**

પ્રથમ વખતની ઉમેદવારીના અંતે વિજય મળ્યા બાદ પાંચ વર્ષમાં લોકોના સેવક બનીને કામ કર્યુ છે. ત્યારે પાચ વર્ષ સુધી સતત પ્રજાની વચ્ચે રહયો છુ. આ વખતે જંગી બહુમતીથી જીત મેળવીશ

**સામે પક્ષે કોંગ્રેસમાં ક્ષત્રિય ઉમેદવાર છે. ગત ચુંટણી કરતા ફાઇટ ટફ બનશે?**

પ્રજા કામને જોઈ મત આપે છે. મને સંપુર્ણ વિશ્વાસ છે. કે મતદારો મારા કામથી પ્રભાવિત છે. જ્ઞાતિવાદમાં માનતો નથી.

**પક્ષમાં આંતરિક સંગઠન તમારીથી વિમુખ છે કે કેમ ?**

ના એવી કોઈ વાત નથી એમ કહી તેમણે આ પ્રશ્નનો જવાબ આપવાનુ ટાળ્યુ હતુ.

**ગુજરાતમાં ભાજપને બહુમત મળશે તેમ માનવાનુ કારણ ?**

લોકસભામાં ભાજપે ૨૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. તે મુજબ વિધાનસભાની સીટનુ ગણિત માંડીએ તો પણ ૧૬૫ બેઠકો પર ભાજપને બહુમત મળે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કામગીરીથી પણ ગુજરાતની જનતા સંતુષ્ટ છે.આવા સંજોગોમાં ભાજપને ૧૫૦ પ્લસ બેઠક પર જીત મળશે

## તડ ને ફડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગે તો નહીં લાગવું પડે ને..?! પ્રચારના યુદ્ધમાં ચાલતી ફેંકાફેંક આપણી પાયાની જરૂરીયાતોને વિસરાવી ના દે તેનું ધ્યાન રાખવાનો અવસર છે આ..! આપણે મતદાર તરીકે ભ્રમિત કરતાં ભાષણો અને ગેંગેંફેંફેં રજુઆતો વચ્ચેના ભેદ પારખવાની અનિવાર્યતા સર્જાઈ છે. હવે માત્ર ૧૫ દિવસ જ બાકી છે ત્યારે સૌને સાંભળી લઈએ - સમજી લઈએ અને પારખી લઈએ, કોણ કેટલામાં છે..?! 'સાંભળીએ સૌનું કરીએ આપણા મનનું..!'' ખરૂને..?! - **નિમિત્ત માત્ર**

## મિસાઈલ ઝીંકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યુ હોવાની કબુલાત કરી છે. ઉત્તર કોરિયાએ દાવો કર્યો છે કે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનુ સફળ પરીક્ષણ કરવામાં આવ્યુ છે. જાપાનના સંરક્ષણ પ્રધાને કહ્યુ છે કે આ મિસાઈલ તેમના ખાસ આર્થિક ઝોનમાં પડી છે. જાપાને પણ આ મિસાઈલ પરીક્ષણની નિંદા કરી છે. જાપાને તરત ઈમરજન્સી બેઠક પર બોલાવી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની આકરી પ્રતિક્રિયા આપી છે. ટ્રમ્પે કિંમ જોગના પડકારને સ્વીકાર કરીને કહ્યુ છે કે અમેરિકા પરિસ્થિતી પર નજર રાખી રહ્યુ છે. ઉત્તર કોરિયાએ બેલાસ્ટિક મિસાઈલ પરીક્ષણના દોર જારી રાખ્યા છે.

## ઝેર ફેલાવે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોને પાણી આપ્યા છે. અમે આટલાથી અટકી શક્યા હોત પણ અમે ત્યાં અટક્યા નહીં અમે ૧૦૦ દિવસમાં ગુજરાતમાં ૧ લાખથી વધુ તળાવ બનાવીને લોકોની પાણીની મુશ્કેલી ઓછી કરી.

પીએમ મોદીએ કહ્યું મારી સરકારે ગુજરાતના પાણીના પ્રશ્નને ઓછા કરવા માટે તળાવ, કેનાલ, બનાવી છે. નર્મદાના પાણીને ઘરે ઘરે પહોંચાડ્યા છે. સૌની યોજનાથી સૌરાષ્ટ્રમાં પાણી લાવ્યુંછે. કારણ કે મને ખબર છે કે ગુજરાતની જનતાનો જો પાણીનો પ્રશ્ન ઉકલાશે તો ગુજરાતના લોકો દુનિયામાં તેનું પાણી બતાવી શકશે. તેમણે કહ્યું કે આજ કારણે આજે ૧ લાખ હેક્ટર ધરતીએ સિંચાઈનો લાભ લઈ રહી છે. જે પછી પીએમ કહ્યું કે આ તમામ વાતો પછી શું આજે અમે આ ચોર લૂંટારાને લૂંટવા દઈશું? આમ કહી તેમણે કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો. કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે મોદીના આવવાથી કેટલાક લોકોની બેનામી કમાણી પર કાતર મૂકાઈ છે. મોદીએ તેમના બધા દરવાજા બંધ કરવાથી તે લોકોનો વકોરો બંધ થઈ ગયા છે.

પીએમ મોદી આડકતરી રીતે રાહુલને નવા અર્થશાસ્ત્રી પેદા થયા છેનું મેણુંમારીને કહ્યું કે આજ કાલ નવા અર્થશાસ્ત્રી પેદા થયા છે જે કહે છે કે બધુ ૧૮ ટકા ટેક્સ સ્લેબમાં જ લાવો. હવે વિચારો મીઠું અને શરાબ બન્ને એક જ ટેક્સમાં નાખીશું તો કેવી રીતે ચાલશે. આ લોકો સિગરેટ, દારૂને સસ્તી કરવા માંગણી કરે છે. ઘરે ઘરે નશો અને કેન્સર ફેલાવાની વાતો કરે છે.

## દેવુ માફ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતના ખેડૂતોનો શું વાંક છે?તેમણે ખેડૂતોના પાકના ટેકાના ભાવ અને પાક વીમા યોજના મુદ્દે પણ મોદી સરકાર પર પ્રહારો કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ અને યુપીએના શાસનમાં કપાસ, મગફળી સહિતના પાકોના ટેકાના ભાવ ખેડૂતોને વધારે ચૂકવાતા હતા, જેની સામે આજે ભાજપના શાસનમાં ઓછા મળે છે. મોદી સરકાર ફસલ વીમા યોજનાની વાતો કરે છે પરંતુ ખેડૂતોને પાક વીમાની પૂરતી રકમ ચૂકવાતી નથી. નોટબંધી અને જીએસટીને પગલે દેશમાં લાખો લોકો બેકાર અને બેરોજગાર થઈ ગયા. પંદર લાખ રૂપિયા દરેકના ખાતામાં નાંખવાની વાત કરી હતી તે પણ હજુ પૂરી થઈ નથી. દેશમાં આજે લાખો બેરોજગાર યુવકો રોજગારી માટે તરસી રહ્યા છે. ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્યની સેવા કથળી ચૂકી છે અને હાલત કફોડી બની છે. પાંચ-દસ લાખ રૂપિયા ના હોય તો સંતાનોને કોલેજમાં ભણવા મોકલી શકાતા નથી અને પૈસા વગર આરોગ્યની સારવાર શકય બનતી નથી આ છે મોદીજીના ગુજરાતનું વિકાસ મોડેલ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ